# શહેરમાં છેલ્લા દોઢ મહિનાથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર

## શહેરમાં આજે પણ ગરમીનો પારો ઉંચકાયો મહત્તમ તાપમાન ૪૧.૬ ડીગ્રી આગામી બે ચાર દિવસ આકરી ગરમી પડે તેવી સંભાવના

ગાંધીનગર તા ૧૯ ગુજરાતમાં ગરમીનો પારો આગામી બે ચાર દિવસ ઉંચે રહેશે છેલ્લા દોઢ મહીનાથી ગરમીનો મિજાજ ઉગ્ર રહેતા નાગરિકો આકરા તાપમાં શેકાઈ રહ્યા છે. લોકડાઉનની સ્થિતિ વચ્ચે ગરમીએ પણ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે. જેના લીધે દિવસ દરમિયાન ઘરમાં પુરાયેલા નાગરિકો રાત્રિના સમયે પણ અકળામણ અનુભવી રહ્યા છે. છેલ્લા દોઢ મહીનાથી ગરમીનો પારો સતત ૪૦ ડીગ્રીની ઉપર છે. આક્રમક ગરમીએ જનજીવન પર વિપરિત અસર કરી છે. સતત ગરમીના લીધે નાગરિકો પણ અકળામણ અનુભવી રહ્યા છે. છેલ્લા દોઢ મહીનાથી ગરમીનુ જોર એકધારુ છે. દિવસે અંગ દઝાડતી ગરમી વચ્ચે રાત્રિના સમયે પણ લઘુત્તમ તાપમાન ૩૦ ડીગ્રીની નજીક રહેતા નાગરિકો ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. ગાંધીનગરમાં સિઝનની મહત્તમ ગરમી અત્યાર સુધી ૪૪ ડીગ્રી નોંધાઈ છે. ગત એપ્રિલ મહીનાની ૧૧ તારીખથી ગરમીએ આકરા મિજાજનો પરચો આપી દીધો હતો. જયારે ત્યારબાદ સતત ગરમીનો



પારો ૪૦ ડીગ્રીની ઉપર નીચે જ રહેતા સતત હીટવેવનો અહેસાસ કરતા નગરજનો હવે ગરમીથી બેચેન બન્યા છે. શહેરમાં છેલ્લા પાંચ દિવસથી ગરમીનુ પ્રમાણ સતત વધી રહ્યુ છે. અલબત્ત ગરમીનો પારો ૪૨ થી ૪૧ ડીગ્રીની વચ્ચે જ રહે છે. ગત તા ૧૫ મેં ના રોજ પણ મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રી રહ્યુ હતુ જયારે ગઈકાલે ગરમીનો પારો ૪૧ ડીગ્રીએ આવી ગયો હતો. આજે મહત્તમ તાપમાન ૦.૬ ડીગ્રી વધીને ૪૧.૬ ડીગ્રી નોંધાયુ છે. જયારે રાત્રિનુ તાપમાન પણ છેલ્લા પાંચ દિવસથી ૩૦ ડીગ્રીની નજીક જ રહે છે. જેના લીધે ઢળતી સાંજ બાદ પણ નગરજનો ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. સતત ગરમીએ નગરજનોને આકુળવ્યાકુળ કરી દીધા છે. લોકડાઉનની સ્થિતિ વચ્ચે દિવસ દરમિયાન ઘરમાં પુરાયેલા નાગરિકો ગરમીમાં પ્રમાણમાં રાહત અનુભવી રહ્યા છે. પરંતુ છેલ્લા ૫૨ દિવસથી લોકડાઉનનો અમલ કરતા નાગરિકો માટે દિવસની ગરમીના અંતે રાત્રિના સમયે પણ નાગરિકો ઘરની બહાર ખુલ્લી હવામાં નિકળી શકતા નથી જેના લીધે ગરમીની મોસમ વધુ આકરી બની છે. આગામી બે ચાર દિવસ હજુ વધુ ગરમી પડશે તેમ પણ હવામાન વિભાગે જણાંવ્યુ છે જયારે ગરમીનો પારો ઉંચકાય તેવી શક્યતા વચ્ચે નાગરિકોએ આકરી ગરમીમાં કામ સિવાય ઘરની બહાર ન નિકળવુ તે પણ સલાહભર્યુ છે.

### મોડીરાત્રિના વાતાવરણ પલ્ટો ભારે પવન સાથે કેટલાક ઠેકાણે છાંટણા

શહેરમાં છેલ્લા દોઢ મહીનાથી સતત ગરમીનો પારો ઉંચે રહે છે. છેલ્લા ચાર પાંચ દિવસથી મહત્તમ તાપમાન ૪૧ થી ૪૨ ડીગ્રી વચ્ચે રહે છે. જયારે રાત્રિનુ તાપમાન પણ ૩૦ ડીગ્રીની નજીક રહેતા સાંજના સમયે પણ ગરમી નગરજનો માટે બેચેનીનુ કારણ બની છે. બીજીતરફ છેલ્લા બે દિવસથી મોડી રાત્રે અચાનક જ થોડીવાર માટે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો પણ જોવા મળી રહ્યો છે. મોડી રાત્રે સુસવાટા મારતા પવનના લીધે ધાબા પર સુતા નાગરિકો આકરી ગરમીમાં મોડીરાત્રે ઠંડક અનુભવી રહ્યા છે. ગઈકાલે પણ રાત્રિના સમયે અચાનક જ ભારે પવન ફુંકાયો હતો. જયારે આકાશી નઝારો પણ બદલાવાની સાથે કેટલાક ઠેકાણે છાંટણા પડયા હતા. જેના લીધે ધાબા પર સુતેલા નાગરિકો પણ અડધી રાતે ઘરમાં જતા રહ્યા હતા. છેલ્લા બે દિવસથી મોડીરાત્રે વાતાવરણમાં ઠંડા પવનના સુસવાટા સાથે ઠંડક છવાઈ જાય છે. પરંતુ દિવસ ઉગતા જ નગર ગરમીની ગિરફતમાં આવી જાય છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ના હમણાં તમારે ઓફિસ આવવાની જરૂર નથી... બધા લોકો એક ચરખો લઈ લો, સ્વદેશી બનાવો અને સ્વનિર્ભર બનો...!!



**આલમપુર એપીએમસીમાં શાકભાજીની ખરીદી અને વેચાણની કામગીરી પુનઃ શરૂ**

કોરોના વાયરસની મહામારી સંદર્ભે લોકડાઉન-૪ વચ્ચે ગાંધીનગર તાલુકાના આલમપુર સ્થિત એપીએમસી ખાતે ખેડૂતો પોતાનો શાકભાજી માલ વેચી શકે અને વેપારી ધંધા-રોજગાર કરી શકે તેવા હેતુસર વેપારીઓએ લોકડાઉનના હળવા નિયમોની છૂટછાટ સાથે ચુસ્ત નિયમો અનુસાર દુકાનો ખોલી કામકાજનો પ્રારંભ કર્યો હતો. દુકાનો ખોલવા બાબતે લોકડાઉનના નિયમો મુજબ માસ્ક ફરજીયાત પહેરવું. સોશિયલ ડિસ્ટન્ટની જાળવણી કરવી. વગેરે મહત્વની બાબતો ધ્યાનમાં લેવા વિનંતી સહ સિક્યોરિટી અને પોલીસમિત્રોને સાથ-સહકાર આપવા એપીએમસી બોર્ડ તરફથી ચેરમેન અશોકભાઈ વકીલ અને ડિરેક્ટર રામચંદ્રભાઈ પટેલ સૌના હિત જળવાય તેવી કામગીરીમાં સહયોગ આપવા વિનંતી સાથે અપીલ કરવામાં આવી હતી.

### અમદાવાદમાં પરપ્રાંતિયોનો હોબાળો

રાજકોટ બાદ અમદાવાદમાં પરપ્રાંતિય શ્રમિકો દ્વારા પોલીસ પર હુમલાની ઘટના સામે આવી છે. અમદાવાદ શહેરના જીએમડીસી ગ્રાઉન્ડ પાસે પ્રવેશતા અટકાવ્યા બાદ પ્રવાસી મજૂરોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. જેમાં બે પોલીસકર્મીઓને ઈજાઓ થઈ હતી. વતન જવાની માંગ સાથે મોટી સંખ્યામાં શ્રમિકો રોડ પર ઊતરી આવ્યા હતા. પથ્થરમારો કરીને પોલીસ વાહનોમાં પણ તોડફોડ કરી હતી. પોલીસે સ્થિતને પહોંચી વળવા માટે ટિયરગેસના સેલ છોડવા પડ્યા હતાં. મળતી માહિતી મુજબ વતનમાં જવાની માંગ સાથે શ્રમિકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો છે. હાલ સમગ્ર વિસ્તારમાં પોલીસનું કોમ્બિંગ ચાલુ કરી દીધું છે.

### ગાંધીનગર શહેરનું સેકટર-૨૯ કન્ટેન્ટમેન્ટ એરિયામાંથી મુક્ત

ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા સેકટર- ૨૯ ને કન્ટેન્ટમેન્ટ એરિયામાંથી મુક્ત કરતું જાહેરનામું આજે મહાનગર પાલિકાના કમિશનર શ્રી રતનકંવર ગઢવીચારણે જાહેર કર્યું છે.

મહાનગરપાલિકાના કમિશનર શ્રી રતનકંવર ગઢવીચારણે જાહેરનામામાં જણાવ્યું છે કે, નોવેલ કોરોના વાઈરસ કોવિડ-૧૯ ને ફેલાતો અટકાવવા માટે સરકાર દ્વારા સમયાંતરે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના સેકટર-૨૯ માં પોઝિટીવ કેસો નોંધાતા કોરોના વાઈરસના સંક્રમણની ગંભીરતાને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ સેકટર-૨૯ ના સમગ્ર વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરવામાં આવ્યો હતો.

સેકટર- ૨૯ ને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કર્યા બાદ નિયમિત રીતે આરોગ્ય તપાસણી અને સેમ્પલીંગની કાર્યવાહી સતત ૨૮ દિવસ સુધી કરવામાં આવી છે. આ વિસ્તારમાં તા. ૨૦ મી એપ્રિલ, ૨૦૨૦ પછી કોઈપણ નવો કોરોનાનો પોઝિટીવ કેસ નોંધાયો નથી. જેથી કન્ટેન્ટમેન્ટ એરિયા ના માર્ગદર્શન મુજબ નિયંત્રણમાંથી મુક્ત કરી શકાય છે. જે અનુસંધાને મહાનગરપાલિકાના કમિશનર શ્રી રતનકંવર ગઢવીચારણે આ સેકટરને કન્ટેન્ટમેન્ટ એરિયામાંથી મુક્ત કર્યો છે.

## ગાંધીનગર સિવિલમાં સારવાર લઈ રહેલ હેડ કોન્સ્ટેબલનું મૃત્યુ

**પોલીસ કમિશનરે દુખ વ્યક્ત કર્યું : મૃત્યુ પામનાર જવાન કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતાં**

ગાંધીનગર, તા. ૧૮

કોરોનાના વાયરસની ઝપેટમાં આવી જતાં અમદાવાદના પહેલા પોલીસકર્મીનું મોત નીપજ્યું છે. કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ ભરતસિંહ સોમાજીનું આજે સારવાર દરમિયાન મોત નીપજતા પોલીસ બેડામાં શોકની લાગણી પ્રસરી છે. ભરતસિંહના મોત બાદ અમદાવાદ શહેર પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ ટ્વિટ કરીને દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે જણાવ્યું કે, 'આજે હેડ કોન્સ્ટેબલ ભરતસિંહ સોમાજીનું કોરોનાથી મોત થયું છે. જેથી પોલીસ ફોર્સને મોટું નુકસાન થયું છે. ભગવાન તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે અને ભરતસિંહની આત્માને શાંતિ મળે.' મૃત્યુ પામનાર હેડ કોન્સ્ટેબલ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતાં. કામગીરી દરમિયાન તેમનો કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવતા સારવાર અર્થે તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. આ દરમિયાન તેમનું આજે માતે નીપજ્યું છે. કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઈ અને અન્ય એક પોલીસકર્મીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેને કારણે પોલીસ સ્ટેશનના સ્ટાફને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. કોરોના વાયરસના કેસો અમદાવાદમાં ઘટવાનું નામ લઈ રહ્યા નથી. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં કોરોનાના નવા ૨૭૬ કેસ નોંધાય છે. જ્યારે મૃત્યુઆંકમાં પણ ઘણો વધારો જોવા મળી રહ્યો છે.

## ગુજરાતમાંથી ૪૭૬ ટ્રેનો મારફતે ૬.૭૩ લાખ શ્રમિક રવાના થયા

મુખ્યમંત્રી વિજય રૂપાણીના દિશાનિર્દેશનમાં રાજય સરકારના વહિવટી તંત્રએ ભારત સરકાર સાથેના સંકલન દ્વારા રવિવાર તા.૧૭મી મેની રાત્રિ સુધીમાં દેશભરમાં સૌથી વધુ ૪૭૬ વિશેષ ટ્રેન દ્વારા કુલ ૬ લાખ ૭૩ હજાર જેટલા અન્ય રાજ્યોના શ્રમિકો-કામદારોને તેમના વતન રાજયમાં મોકલવાની સફળતાપૂર્વક વ્યવસ્થા કરી છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ અંગેની વધુ વિગતો આપતા જણાવ્યું કે, ગુજરાતમાંથી તા.૧૭મી મે રવિવારની મધરાત સુધીમાં ઉત્તર પ્રદેશ માટે ૩૩૫ ટ્રેન, બિહાર માટે ૫૩ ટ્રેન, ઓરિસ્સા માટે ૩૭ ટ્રેન, મધ્યપ્રદેશ માટે ૨૫ ટ્રેન, ઝારખંડ માટે ૧૪ ટ્રેન, છત્તીગઢ માટે ૦૭ ટ્રેન અને ઉત્તરાખંડ માટે ૦૫ ટ્રેન એમ કુલ ૪૭૬ શ્રમિક સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવી છે. આ શ્રમિક સ્પેશિયલ ટ્રેન મારફત આશરે ૬ લાખ ૭૩ હજાર જેટલા શ્રમિકો તેમના વતન રાજયમાં પહોંચ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, પરપ્રાંતીય શ્રમિકો - કામદારોને વતન રાજ્ય મોકલવા માટે તા.૧૭ મી મે મધરાત સુધીમાં સમગ્ર દેશમાંથી દોડેલી કુલ ૧,૩૮૨ શ્રમિક સ્પેશિયલ ટ્રેનોમાંથી સૌથી વધુ ૪૭૬ ટ્રેનો એકલા ગુજરાતમાંથી રવાના થઈ છે. દેશમાં એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં આવી શ્રમિક સ્પેશિયલ ટ્રેન મારફત આશરે ૧૮.૪૦ લાખ જેટલા પરપ્રાંતીય શ્રમિક ભાઈઓ-બહેનો પોતાના વતનમાં પહોંચ્યા છે.



વાવોલ ગામના અગ્રણી દેવેન્દ્રસિંહ જી. ગોલ અને વૈદેહી ગ્રુપ દ્વારા વતન તરફ જતા પરપ્રાંતિઓને નાસ્તો અને પાણીની બોટલ આપવામાં આવી હતી. વાવોલ ગ્રામ પંચાયત, જિલ્લા પંચાયત તેમજ ગામના યુવાનો રૂપાંગ ગજ્જર અને જે. ડી. ચારેલ આ વ્યવસ્થામાં જોડાયા હતા.

## પરપ્રાંતિય શ્રમિકોની વતન વાપસીની કામગીરીથી મહેસુલી કર્મયોગીઓ અળગા રહેશે : વિરમ દેસાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળે પરપ્રાંતિય શ્રમિકોને તેમના વતન મોકલવાની કામગીરીથી અળગા રહેવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારને પાઠવેલા પત્રમાં મંડળના પ્રમુખ વિરમ દેસાઈએ જણાવ્યુ છે કે પરપ્રાંતિય શ્રમિકોને વતનમાં મોકલવાના મુદ્દે પૈસા ઉઘરાવી અને રેલવેમાં જમા કરાવવાની ગંભીર કામગીરી મહેસુલી કર્મચારીઓ કરતા હતા. આ અંગે સલામતિના જરૂરી પગલાં લેવામાં આવે તે માટે અગાઉ પણ તા. ૧૩ મે ના રોજ રજુઆત કરી હતી પરંતુ સરકાર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી.

મહામંડળના હોદ્દેદારોએ તેમના આ પત્રમાં જણાવ્યુ છે કે પગલાં લેવામાં ઉદાસીનતા દાખવવામાં આવતાં એક મહેસુલી કર્મચારીનો જીવ ગયો છે. ઘણા મહેસુલી કર્મચારીઓ સંક્રમિત થયા છે.

આ પત્રમાં જણાવાયુ છે કે બસમાં બેસાડવાથી લઈ તમામ આનુષંગિક કામગીરી તેમજ વિવિધ મંત્રાલયો સાથે સુયોગ્ય સંકલનમાં રહી કામગીરી કરતા કર્મયોગીઓની સલામતિ સુરક્ષાના કોઈ પગલાં ન લેવામાં આવતાં ના છૂટકે આ કામગીરીનો બહિષ્કાર કરવાની ફરજ પડી રહી છે.

મહામંડળના સભ્યો પરપ્રાંતિય શ્રમિકોનો વતન મોકલવાની કામગીરીથી અળગા રહેશે. મહામંડળ દ્વારા રજુઆતો કરવા છતાં પણ સરકારે કોઈ જ ખાત્રી પણ આપી નથી એટલુ જ નહિ જે પગલાં લેવા જોઈએ તે ન લેતાં આ નિર્ણય લેવાની ફરજ પડી છે.

## લીંબડીયા-ઈસનપુરમોટા અને ચિલોડા ખાતે ભાજપ દ્વારા હોમીયોપેથી દવાનું ઘેર-ઘેર વિતરણ

ચિલોડા, તા. ૧૮

કોરોના વાયરસ કોવિદ-૧૯ મહામારીમાં સંક્રમણ અટકાવવા



અને રોગ પ્રતિકારકમાં વધારો થાય તેવા આશયથી મહામારીમાં આશીર્વાદરૂપ સાબિત થયેલી હોમિયોપેથી આર્સનિક આલ્બમ-૩૦ દવાનું વિતરણ દ્વારા પ્રત્યેક વ્યક્તિ સુધી પહોંચી શકે અને દરેક વ્યક્તિ કોરોનાથી રક્ષણ મળી શકે તેવા ઉમદા આશયથી બીજેપી દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચિલોડા અને ઈસનપુર મોટા ખાતે સ્વયંસેવકો દ્વારા ઘેર ઘેર દવાનુ વિતરણ કરવામાં આવ્યું. જેમાં દવા લેવાની રીતમાં પ્રથમ ડોઝ લીધા બાદ ૨૪ કલાકે બીજો ડોઝ લેવો.

એક ડોઝમાં ચાર ગોળી એમ સળંગ ત્રણ દિવસ લેવી. ગોળી મોઢામાં લીધા બાદ ઓગળી જાય ત્યાં સુધી ચૂસવી. ગોળી લેવાના ૧૫ મિનિટ પહેલા અને પછી કાઈ પણ ખાવુ-પીવુ નહીં. ગોળી તેજ ડબ્બીના ઢાંકણમાં હાથમાં સ્પર્શ ન થાય તે રીતે લેવી, વગેરે જાણકારી સાથે વિતરણ કરવામાં આવ્યુ. આ ઉપરાંત લીંબડીયા ગામે સ્વયંસેવકો દ્વારા હોમિયોપેથી દવાનું વિતરણ કરી ઉપયોગ અંગે જાણકારી આપવામાં આવી હતી.

## ચિલોડા સર્કલ પાસે પણ ફળફળાદી-શાકભાજીનું વિતરણ કરવા માટે અનોખી વ્યવસ્થા ઉભી કરાઈ

ગાંધીનગર

ગાંધીનગર તાલુકાના ચિલોડા સર્કલ પાસે ઉભા રહેતા ફળફળાદીની લારીવાળાઓ થકી કોરોના સંક્રમણનો ભય ન રહે તે માટે જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલના માર્ગદર્શન હેઠળ સુચારું રીતે લારી ઉભી રાખવાનું અનોખું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એક લારીથી બીજી લારી વચ્ચે છ ફૂટનું અંતર રાખીની ઉભી રાખવામાં આવી રહી છે.

ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલિયાએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલના માર્ગદર્શન હેઠળ કોરોનાના વાયરસનું સંક્રમણ શાકભાજીની લારીઓવાળા થકી ન ફેલાય તેની ખાસ તકેદારી રાખવી. આથી અડાલજ ખાતે મિઝોરમ થીમ પર શાકમાર્કેટ ઉભી કરાયું. ત્યારબાદ આજથી ચિલોડા સર્કલ ખાતે ફળફળાદી અને શાકભાજીની લારીઓને સુવ્યવસ્થિત આયોજન કરીને સોશ્યિલ ડિસ્ટંન્સ જળવાય તે રીતે ઉભી રાખવામાં આવી છે.

તંત્ર દ્વારા ચિલોડાથી સાદરા



જવાના માર્ગ પર ૩૦ જેટલી ફળફળાદી – શાકભાજીની લારી ઉભી રહી શકે તે રીતે બોકસ બનાવી આપવામાં આવ્યા છે. જેમાં લારી ઉભી રેહશે. એક લારીથી બીજી લારી વચ્ચે છ ફૂટનું અંતર માપીને રાખવામાં આવ્યું છે. તેમજ એક લારી પર ત્રણ બાજુથી ગ્રાહક આવીને પોતાની મનપસંદ શાકભાજી કે ફળ ખરીદી શકે તે માટે નાના ચોકઠા બનાવવામાં આવ્યા છે. આ ચોકઠામાં ઉભા રહી ગ્રાહક સરળતાથી પોતાની ખરીદી કરી શકશે. આથી એક લારી પર ત્રણથી વધુ ગ્રાહકો ઉભા રહી શકશે નહિ. તેમજ તે તમામ વચ્ચે એક સોશ્યિલ ડિસ્નૃસીંગ ઉભું થશે. તેમજ આ તમામ લારી પર વેપાર કરતાં લોકોને સેનિટાઈઝર વાપરવાનું અને માસ્ક ફરિજીયાત પહેરવાની કડક સૂચના આપવામાં આવી છે. તેમજ તમામના હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે.

**નિયામકશ્રી આયુષની કચેરી અને ગાંધીનગર મનપાના સંયુક્ત ઉપક્રમે**

## ગાંધીનગરના ૧૮ કન્ટેન્ટમેન્ટ એરિયામાં ઉકાળાનું વિતરણ

**છેલ્લા ચાર દિવસથી આરંભ કરવામાં આવેલા ઉકાળા વિતરણનો લાભ અંદાજે ૨૦ હજાર જેટલા રહીશોએ લીધો**

ગાંધીનગર

નિયામકશ્રી આયુષની કચેરી અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત



ઉપક્રમે ગાંધીનગર મહાનગરપાલિકાના વિસ્તારના કન્ટેન્ટેમેન્ટ એરિયામાં નિયમિત સવારના રોગ પ્રતિકારક શક્તિ વધારે તેવા ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. છેલ્લા ચાર દિવસથી અંદાજે ૨૦ હજાર જેટલા લોકોને આ ઉકાળાનો લાભ લઈ રહ્યાં છે.

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા વધી રહી છે. એકબાદ એક કરી ને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ- ૧૮ કન્ટેન્ટેમેન્ટ એરિયા નક્કી કરવામાં આવ્યા છે. આ કન્ટેન્ટેમેન્ટ એરિયામાં રહેતા લોકોને કોરોના વાયરસથી બચવા માટે રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય તેવા આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ગાંધીનગરના હાર્દસમા સેકટર-૨૨ પંચદેવ મંદિર પાસે આવેલા રંગમંચ ખાતેના રસોડામાં ઉકાળો બનાવવામાં આવે છે.




સવારના ૭ કલાકથી આ ઉકાળા બનાવવાનું શરૂ કરવામાં આવે છે. ઉકાળો બનાવવા માટે મહાનગરપાલિકાના કર્મયોગીઓ અને અન્ય બહેનો રોકવામાં આવી છે, તેમના દ્વારા આ કામ કરવામાં આવે છે. ઉકાળા બની ગયા બાદ તેને ગાળીને પાણીના જંગમાં ભરી દેવામાં આવે છે. આજે આ ઉકાળા બનાવવાના સ્થળ પરથી ૪૦ જેટલા જંગ પાલિકાના વિવિધ કન્ટેન્ટેમેન્ટ એરિયામાં મોકલવા માટે ભરવામાં આવ્યા હતા. ગરમ ગરમ ઉકાળા જગમાં ભર્યા બાદ તેને રીક્ષા કે અન્ય વાહનમાં કન્ટેન્ટેમેન્ટ એરિયામાં લઈ જવામાં આવે છે. એરિયામાં ઉકાળો આવી ગયાની જાહેરાત ગલી ગલીએ જઈ રહીશોને કરવામાં આવે છે. ગણતરીની મિનિટમાં તો વિવિધ ઘરમાંથી એક સભ્ય વાસણ લઈ બહાર આવે છે. સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવાઈ રહે તે રીતે ઉકાળાનું વિતરણ કરવામાં આવે છે. ઘરના સભ્યોની સંખ્યા બોલે એટલે એક વ્યક્તિને આશરે ૩૦ મી.લી મુજબ તે વાસણમાં ઉકાળો ભરી આપવામાં આવે છે.

ઉકાળા વિતરણ કરનાર વ્યક્તિ અને લેવા આવનાર દ્વારા સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા સાથે ફરજિયાત માસ્ક પહેરવમાં આવે છે.